# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૩-૦૨-૨૦૧૦**

- **દૂધના ભાવમાં વધારો ભા.જ.પ.ના ધારાસભ્યશ્રીના પિતાશ્રીએ કર્યો છે.**
- **અમૂલના દૂધનું વિતરણ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન કરે છે અને તેના ચેરમેન ભા.જ.પ.ના ધારાસભ્યશ્રીના પિતાશ્રી છે.**
- **મોંઘવારીના નામે પાયા વગરના આક્ષેપો કરનાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પોતાના ધારાસભ્યશ્રીના પિતાશ્રી પાસે દૂધના ભાવો કેમ ઘટાવડાવતા નથી?**
- **ગુજરાતમાં વેલ્યુએડેડ ટેક્ષ(વેટ)માં તેના પરના સરચાર્જના દરોમાં વધારાના કારણે ગુજરાતની પ્રજા મોંઘવારીમાં પીસાઇ રહી છે.**

ગુજરાતમાં દૂધના ભાવમાં વધારો ભા.જ.પ.ના ધારાસભ્યશ્રી વસંતભાઇ ભટોળના પિતાશ્રીએ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા કરેલો છે. મોંઘવારીના મુદ્દે બેફામ પાયા વગરના આક્ષેપો કરનાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પોતાના ધારાસભ્યશ્રીના પિતાશ્રી પાસે મોંઘવારીને કાબૂમાં રખાવવાના બદલે દૂધના ભાવનો વધારો રોકી શકતા નથી. અમૂલ ડેરીમાં જે કાંઇ દૂધ એકત્રિત થાય છે તેમાંથી ચોકલેટ, ચીઝ જેવી વસ્તુઓ બન્યા પછી વધારાનું દૂધ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને આપી દેવામાં આવે છે. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનશ્રી પરથીભાઇ ભટોળ ભા.જ.પ.ના ધારાસભ્યશ્રી વસંતભાઇ ભટોળના પિતાશ્રી છે. અમૂલના વહીવટકર્તાઓએ દૂધના ભાવમાં કોઇ જ વધારો કરેલો નથી. પરંતુ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન કે જે દૂધનું સમગ્ર રાજયમાં અને રાજયની બહાર વેચાણ કરે છે તેમણે જ ભાવ વધારો કરેલો છે. દૂધના ભાવ વધારા માટે ભારતીય જનતા પક્ષ જવાબદાર છે અને તેમછતાં પાયા વગરના આક્ષેપો અન્ય ઉપર કરે છે.

ગુજરાતમાં જે કાંઇ વસ્તુઓ મળે છે તે અન્ય રાજયો કરતાં મોંઘી છે તેનું કારણ એ છે કે, ગુજરાત સરકાર વેલ્યુએડેડ ટેક્ષ અને તેના પરનો સરચાર્જ વધારે લઇ રહી છે. આ ઉપરાંત મોંઘવારીના આ સમયમાં પ્રજાને રાહત આપવાના બદલે દૂધના ભાવનો વધારો ભા.જ.પ.ના કારણે થયો છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે. જે. રસાણીઆ)
અંગત મદદનીશ